# હા... સાહેબ !

"અધધધધ..!"

"કેમ ધરાઈ ગયા..?! કંઈ વધારે પડ્યું..?!"

"અરે સાહેબ..! આજે રાજ્ય સરકારે એટલી બધી જાહેરાતો કરી દીધી... એટલી બધી રાહતો આપી દીધી... કે... એ... જનતાને જલ્સા પડી ગયા..!!"

"હં...અ... એટલે 'અચ્છે દિન' ... આવી ગયા ને..?!! ક્યારના ઊંચા નીચા થતા'તા..! બધું એક સામટુ આપી દીધું ને..!?! હવે સંતોષ..?!"

"આ તો ચૂંટણીલક્ષી વાતો છે..!! થીગડા મરાયા છે થીગડા..! આમાં તમે માનો છો એવો મત કે બેઠકોમાં ફેર નહીં પાડી શકાય હો..!!"

"એ વ્હેમમાં તો રહેશો જ નહિ..! તમે જોયું નહિં..? ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના પાટીદાર આંદોલનના કન્વીનરો હવે ધીમેધીમે કેસરીયા રંગે રંગાવા લાગ્યા છે..! અને આવનારા દિવસોમાં સૌરાષ્ટ્ર અને સુરત મેનેજ થઈ જાય એટલે 'પાસ' આખે આખું..!"

"આ બધું તમે માનો છો એટલું સહેલુ પણ નથી..! હા..! સત્તા છે એટલે સમજાવી શકાય... પટાવી શકાય... ડરાવી શકાય..! પણ કેટલાને..?! આખું આભ ફાટ્યું છે ત્યાં થીગડુ ક્યાં મારશો..?!"

"આ તો તમારા તર્ક છે..! જુઓ સફાઈ કામદારોના પ્રશ્નો ઉકેલ્યા એટલે વાલ્મિકી સમાજ અકબંધ અમારી સાથે... બાંધકામમાં કોમન જીડીસીઆર કર્યા એટલે બિલ્ડરો રાજીના રેડ..! અમદાવાદ રીંગરોડનો ટોલટેક્ષ માફ કર્યો એટલે રોજના અગિયાર હજાર વાહનચાલકો ખુશખુશાલ..! વર્ગ-૪ના કર્મચારીઓનું દિવાળી બોનસ જાહેર કર્યું અને તમામ કર્મચારી પેન્શનરોને એક ટકાનો મોંઘવારી ભથ્થામાં વધારો કરતાં આખી કર્મચારી આલમમાં અમારી વાહ-વાહ..!!"

"... પણ સાહેબ આટલુ બધુ એક સાથે..?! અને અત્યાર સુધી કેમ ના કર્યું અને આજે જ વરસી પડ્યા..!?! પેલી ચાર વાગે ચૂંટણી જાહેર થવાની હતી એટલે..?!"

"ખરા છો તમે..! માંગણીઓ તમે કરો... ભાષણોમાં ભડકાવો તમે..! આમ નથી થતું..? તેમ નથી થતું...? કેમ નથી થતું...? આગમાં પેટ્રોલ તમે છાંટો..! અને ઓલવીએ એટલે તમે કોં કે કેમ ઓલવી..?! એ ક્યાંનો ન્યાય છે..?!'

"તમારે ને ન્યાયને કોઈ સંબંધ ખરો..?! અરજદારેય તમે... વકીલેય તમે... ન્યાયાધીશેય તમે..! અમારે તો ખાલી દલીલો જ કરવાની હોય છે..!! પણ યાદ રાખજો 'સો દહાડા સાસુના તો એક દહાડો વહુનો..!"

"એટલે..?!"

મતદારોનો..! પાંચ વરસ સાચું-ખોટું સમજાયું તમે... પાંચ વરસ આશ્વાસનો આપ્યા... ક્યાંક કેસ કર્યા તો ક્યાંક ડંડા માર્યા..! ક્યાંક ટેક્સના નામે પરેશાન કર્યા... તો ક્યાંક નોટબંધીના નામે... પણ પ્રજાની પરેશાની મત બનીને પ્રગટશે..!

"જોઈએ પુનરાવર્તન થાય છે કે પરિવર્તન..?!"

"જે થાય તે..! પણ દરેક મતદારે પોતાના પવિત્ર મતનો ઉપયોગ કરવો જ જોઈએ..! આપણો એક મત લોકશાહીને મજબુત કરશે..! દેશને મજબુત કરશે..!"

- નિમિત્ત માત્ર

# રેલવે ટ્રેક પર એન્જિન અટવાતા ફાટક બંધ એક કલાક ટ્રાફિક જામ રહયો

**ઇલેક્ટ્રીક લાઇન બંધ હતી તે દરમિયાન સિગ્નલ અપાતા ગડબડ થઇ !**



ગાંધીનગર તા ૧૨

શહેરમાંથી પસાર થતા રેલવે ટ્રેક પર કોલસા ભરેલી માલ ગાડીનુ એન્જિન બંધ પડતા માર્ગ પર ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળ્યા હતા. ઈલેક્ટ્રીક લાઈન બંધ હતી તે વેળાએ એન્જિનને સિગ્નલ આપી દેવાતા રેલવે ટ્રેક પર ગડબડ થઈ હતી. ડબ્બા છોડી આગળ વધતા ભારખાનાનુ એન્જિન અને ડબ્બા છુટા પડી ગયા હતા. જયારે આ સ્થિતિ વચ્ચે શહેરમાં ફાટક પણ બંધ કરી દેવાયુ હતુ. લાંબા સમય સુધી ફાટક બંધ રહેતા ટ્રાફિક જામના લીધે વાહનચાલકો પરેશાન થઈ ગયા હતા. આખરે એન્જિનને ડબ્બા સાથે જોડવા માટેની મથામણ કરવી પડી હતી. ગાંધીનગરમાંથી પસાર થતા રેલવે ટ્રેક પર આજે બપોરના સમયે એક માલગાડીને ઈલેક્ટ્રીક લાઈન બંધ હોવા છતા સિગ્નલ આપી દેવાતા ટ્રેક પર એન્જિન ખડુ થઈ ગયુ હતુ. જેના લીધે વાવોલ જવાના રૂટમાં આવતા રેલવે ફાટકને એક કલાક સુધી બંધ રાખવાની ફરજ પડી હતી. આ સ્થિતિ વચ્ચે આ રૂટમાં ફાટક ક્રોસ કરવા વાહનોની કતાર જોવા મળી હતી. જોત જોતામાં ટ્રાફિક જામ સર્જાયો હતો. લાંબા સમયના અંતે ટ્રેક પર એન્જિન અને ડબબા જોડાયા બાદ આગળ વધતા ટ્રેક ખુલ્લો થયો હતો.

# ચૂંટણી અધિકારીની સજ્જતા અને સક્ષમતા અંગે ત્રિદિવસીય પરીક્ષા યોજાશે

(પ્રકાશ જહા) ગાંધીનગર, તા. ૧૨

ગુજરાતમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ પૂર્વે ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓની સજ્જતા અને સક્ષમતા અંગે કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા એક વિશેષ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે.

**આજથી શરૂ થયેલ આ મૂલ્યાંકનની કામગીરી માટે નવા રાજ્યોના ચૂંટણી પંચના અધિકારીઓ આવ્યા**

રાજ્યને ત્રણ ઝોનમાં વહેંચી અને આ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. જે માટે દેશના નવથી પણ વધુ રાજ્યોના સી.ઈ.ઓ. અને એડીશનલ સી.ઈ.ઓ. તેમજ સંયુક્ત સી.ઈ.ઓ. કેડરના અધિકારીઓ આવી પહોંચ્યા છે.

આજથી આ ત્રિદિવસીય પરીક્ષાનો પ્રારંભ થયો છે. ૨૦૮થી વધુ સવાલો સાથે આ અધિકારીઓ આવ્યા છે. જેમાં રેન્ડમલી પ્રશ્નનો ક્રમાંકની ચીઠ્ઠી ખેંચી અને અધિકારીઓને તે પુછવામાં આવે છે.

સુરત, વડોદરા અને ગાંધીનગર ખાતે આ પરીક્ષાઓ લેવામાં આવી રહી છે. આજે ચૂંટણી અધિકારીઓને પરીક્ષા માટે બોલાવવામાં આવ્યા હતા.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ચૂંટણીને લગતા ૧૫થી પણ વધુ વિષયોને લઈ એક માસ અગાઉ બધા અધિકારીઓને આ માટે ચાર દિવસની તાલિમ આપવામાં આવી હતી. આ તાલિમને 'ખાસ સર્ટિફિકેશન' કોર્ષ તરીકે નામ આપવામાં આવ્યુ છે.

રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીઓ પ્રથમવાર વી.વી.પેટ સાથે યોજાઈ રહી હોવાથી પંચ તેની તૈયારીઓ માટેની કોઈ જ કચાશ રાખવા માંગતુ નથી. આદર્શ આચાર સંહિતા, ચૂંટણીમાં સિંગલ વિન્ડો સિસ્ટમ, એમ.સી.એમ.સી. કમિટી, વી.વી.પેટ, ઈ.વી.એમ., બી.યુ.નું સંકલન, મતદારયાદી સહિતના વિવિધ વિષયોને લઈ આ અંગેની તાલિમ આપવામાં આવી હતી.

વિધાનસભાની ચૂંટણીમાં ચૂંટણી અધિકારીની સજ્જતા અને સક્ષમતા અંગે પહેલીવાર પરીક્ષા અને તાલિમ પર ભાર મુકવામાં આવ્યો હોવાથી આજે પરીક્ષાર્થીઓમાં પણ ભારે ઉત્તેજના પ્રવર્તતી જોવા મળી હતી. મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર ખાતે મેઘાલયના સી.ઈ.ઓ., જમ્મુ કાશ્મીરના એડી.સી.ઈ.ઓ. અને ગોવાના સંયુક્ત સી.ઈ.ઓ.એ આ પરીક્ષા દીનદયાલ ઈન્સ્ટીટ્યુટ ખાતે લીધી હતી. આજ રીતે સુરત અને વડોદરા ખાતે પણ પરીક્ષાઓ લેવામાં આવી હતી.

ગાંધીનગરમાં ઉત્તરઝોનના અધિકારીઓ પરીક્ષા માટે આવ્યા હતા. વડોદરામાં મધ્યઝોનના અને સુરત ખાતે દક્ષિણ ઝોનના અધિકારીઓને બોલાવવામાં આવ્યા હતા.

રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીઓ માટે તંત્રની સજ્જતા અંગે પંચ દ્વારા પહેલીવાર તાલિમ અને પરીક્ષા યોજવાના અભિગમે આવકાર મેળવ્યો છે. આ પરીક્ષામાં મૂલ્યાંકનને અંતે ઈલેક્શન કમિશન ઓફ ઈન્ડિયાને રિપોર્ટ આપવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

# સે-૫ અને ૬ માં બી અને સી કક્ષાના નવા ૫૬૦ મકાનો બાંધવામાં આવશે

**નવા સેકટરોમાં સરકારી આવાસો બાંધવા માટે હજુ સાઇટ આખરી કરવા ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજાશે ત્યારબાદ સ્થળ પસંદગી આખરી થશે**

ગાંધીનગર તા ૧૨

શહેરમાં સે-૫ અને ૬ માં નવા સરકારી આવાસો બાંધવાની યોજના તૈયાર કરી દેવાઈ છે. બન્ને સેકટરમાં કુલ ૫૬૦ નવા મકાનો બાંધવામાં આવશે. બી અને સી કક્ષાના નવા આવાસો બાંધવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. સે-૭ માં નવા આવાસોમાં રહીશોનો વસવાટ શરૂ થઈ ગયો છે. જયારે સે-૨૯ અને ૩૦ માં પણ નવા આવાસો બાંધવાનુ કામ પ્રગતિ હેઠળ છે.

શહેરમાં દાયકાઓ જુના સરકારી આવાસો હવે તદન કંગાળ હાલતમાં છે. સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના રહેણાંકની દ્રષ્ટીએ ભયજનક હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. ત્યારે માર્ગ મકાન વિભાગ દ્વારા નિકાલ હેઠળના મકાનો તબક્કાવાર તોડી નાંખવાનુ કામ પણ હાથ ધરાયુ છે. હજુ પણ સે-૨૦ અને સે-૨૧ તેમજ સે-૩૦ માં ભયજનક આવાસોનો કડુસલો બોલાવાશે. શહેરમાં નિકાલ હેઠળના ભયનજક મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય ન હોય તેવા મકાનો અંગે સેકટરોમાં સર્વે હાથ ધરવામાં આવે છે. જેના અંતે ભયજનક મકાનો તોડવા માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવે છે. નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ અન્ય ભયજનક મકાનોનો પણ નિકાલ કરી

● અનુસંધાન પાન-૭ પર

# આજે મનપાની સ્થાયી સમિતિની બેઠક

**વિકાસના કામો ઉપરાંત કબાટ ખરીદી તેમજ કોન્ફરન્સ હોલના રિનોવેશન માટેની દરખાસ્તો પર ચર્ચા**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની આજે વધુ એક બેઠક બોલાવવામાં આવી છે. જેમાં નગરમાં વિવિધ વિકાસકામોને મંજૂરી આપવાની બાબતોનો સમાવેશ થાય છે. સવારે ૧૧ વાગે મનપાની સ્થાયી સમિતિની બેઠક તેના સમિતિ ખંડ ખાતે મળશે. જેમાં ૬ જેટલા કામો સૂચવવામાં આવ્યા છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ સે. ૬માં આવેલ સંત રોહિદાસ મંદિર, મીના બજાર (જુના સચિવાલય) તેમજ લીંબચ માતાના મંદિરમાં પેવર બ્લોકનું કામ કરવા માટેના અંદાજોને બહાલી આપવાની બાબતનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત મનપાના કોન્ફરન્સ હોલનું રિનોવેશન કરવા, સ્ટીલના કબાટની ખરીદીને આખરી ઓપ આપવાની બાબતને પણ સમાવવામાં આવી છે.

શહેરમાં ભારત સ્વચ્છ મિશન અંતર્ગત સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ અન્વયે ડીટેઈલ પ્રોજેક્ટ રિપોર્ટ (ડી.પી.આર.) તૈયાર કરવાની કામગીરી માટે કમિશનર તરફથી આવેલ દરખાસ્ત પર ચર્ચા વિચારણા કરી નિર્ણય લેવામાં આવશે.

મનપાની સ્થાયી સમિતિ દ્વારા શહેરના ત્રણ ધાર્મિક સ્થાનોમાં પેવર બ્લોક લગાવવાના મુદ્દાએ રાજકીય વર્તુળોમાં ચર્ચા જગાવી છે. ચૂંટણીઓ નજીકમાં છે ત્યારે આ મુદ્દાઓ આજે કેમ સમાવાયા તેને લઈ ચર્ચાઓ ચાલી રહી છે.

# ગાંધીનગરનું ગૌરવ



ગાંધીનગર સ્થિત પ્રેરણા વ્યાયામ શાળાના સંચાલક શ્રી પ્રદીપસિંહ બિહોલાને ગાંધીનગરમાં વ્યાયામ શાળાની પ્રવૃત્તિઓ, સાંસ્કૃતિક અને સેવાકીય પ્રવૃત્તિઓ, યોગાસન વર્ગો તથા રમતગમત પ્રવૃત્તિઓનાં ઉમદા કાર્ય બદલ ગુજરાત સરકાર દ્વારા વ્યાયામ જ્યોતિર્ધર અંબુભાઈ પુરામી એવોર્ડ તથા પુરસ્કાર પ્રાપ્ત થયો છે, તે બદલ પ્રેરણા વિદ્યાલય પરિવાર ગૌરવ અનુભવતાં તેઓશ્રીને હાર્દિક અભિનંદન પાઠવે છે.

**શુભેચ્છકશ્રી**

નરેશભાઈ શાહ, ટ્રસ્ટીશ્રી

રેણુકાબેન શાહ, ટ્રસ્ટીશ્રી | નિરંજનાબેન બિહોલા, ટ્રસ્ટીશ્રી

આર એમ પટેલ, ટ્રસ્ટીશ્રી | મનીષ ખત્રી, આચાર્ય

| | | |
|---|---|---|
| મહેશ પટેલ | આશા દેસાઈ | ઇલા ચૌધરી |
| સંજય પરમાર | અંજના ચાવડા | નીલમ પટેલ |
| કસ્તુર વાડોદરા | પારૂલ ઠાકર | ઇન્દ્રરાજબા પુવાર |
| ઘનશ્યામસિંહ ગોહિલ | રાહુલ ચૌહાણ | જાનકી રાવલ |
| પારૂલબા રાઠોડ | જયંતિ ચૌધરી | હીના ત્રિવેદી |
| પ્રિયંકા શિકારી | પૂર્વી સોલંકી | મનીષા ભટ્ટ |
| પ્રગિતા ગોંડલીયા | રીના બડેલીયા | વિદ્યા પારેખ |
| સરસ્વતી બારોટ | | નીતા નાયી |

# પાટીદાર યુવાનો પરના વધુ ૧૩૬ કેસો પરત ખેંચાયા

ગાંધીનગર, તા.૧૨

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે રાજ્ય ગૃહ મંત્રી પ્રદિપસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં પાટીદાર અનામત આંદોલનના કેસો પરત ખેંચવા અંગે ગાંધીનગર ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં જણાવ્યું છે કે, પાટીદાર અનામત આંદોલન સંદર્ભે પાટીદાર સમાજ સાથે યોજાયેલ બેઠકમાં પાટીદાર સમાજના આગેવાનોને રાજ્ય સરકાર દ્વારા કેસો પાછા ખેંચવાની અપાયેલી ખાતરીના ભાગરૂપે પાટીદાર અનામત આંદોલન અને ત્યારબાદ પોલીસ સાથે થયેલ ઘર્ષણ દરમ્યાન પાટીદાર સમુદાય ઉપર નોંધાયેલા કેસોમાંથી આજે વધુ ૧૩૬ કેસો પાછા ખેંચાયા છે.

આજે ૧૩૬ કેસો મળી કુલ અત્યાર સુધીમાં ૨૪૫ જેટલા કેસો પરત ખેંચવામાં આવ્યા છે. નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, પાટીદાર આંદોલન સમયે રેલવે એકટ હેઠળ નોંધાયેલ કેસો પરત ખેંચવા અંગે ખાસ મંજુરી લેવી જરૂરી છે.

# ગાંધીનગર આર.ટી.ઓ. કચેરીમાં એસીબીની ટ્રેપ

**આસી. ઈન્સ્પેકટર તેના વચેટીયા એજન્ટ મારફતે ૧૦ હજારની લાંચ લેતા ઝડપાયો : પકડેલી રેતી ભરેલી ટ્રકનો મેમો ન આપવા ૨૦ હજાર માંગ્યા હતા**

ગાંધીનગર, તા.૧૨

પાટનગરની આર.ટી.ઓ. કચેરીમાં આજે એન્ટી કરપ્શન બ્યુરોની ટીમ ત્રાટકી હતી. એસીબીએ ટ્રેપ ગોઠવીને વચેટીયા એજન્ટ મારફતે રૂ.૧૦ હજારની લાંચ સ્વિકારતા ગાંધીનગર આર.ટી.ઓ. કચેરીના આસી. ઈન્સ્પેકટરને દબોચી લીધા હતા. અધિકારી અને વચેટીયા બંનેની ધરપકડ કરી લઈ એલસીબીએ ઉંડી તપાસ શરુ કરી છે. પકડેલી રેતી ભરેલી ટ્રકનો મેમો ન આપવો કે કોઈ



કાયેદસરની કાર્યવાહી ન કરવા રૂ. ૨૦ હજાર માંગ્યા હતા. જે પૈકી રૂ. ૧૦ હજાર અગાઉ લઈ લીધા હતા.

ગાંધીનગર આરટીઓની ટીમે ૧૦મી ઓકટોબરે એક પાર્ટીની રેતી ભરેલી બે ટ્રકો પકડી હતી. આસી. ઈન્સ્પેકટર નિતિન વિષ્ણુભાઈ પટેલની ટીમે આ બંને ટ્રકો પકડયા બાદ વચેટીયા એજન્ટ ભરત સેંધાભાઈ પ્રજાપતિ મારફતે આ બંને ટ્રકના મેમો નહીં આપવા અને કાયેદસરની કાર્યવાહી નહી કરવા રૂ.૨૦ હજારની લાંચની માંગણી કરવામાં આવી હતી. જે પેટે રૂ. ૧૦ હજાર જે તે દિવસે જ લઈ લીધા હતા અને બાકીના રૂ. ૧૦ હજાર આજે

● અનુસંધાન પાન-૭ પર

## શેઠની શીખામણ ઝાંપા સુધી

આને કહેવાય ..શેઠની શિખામણ જાંપા સુધી ... ગઈકાલે આર ટી ઓ કચેરીમાં વાહનવ્યવ્હાર મંત્રીએ અધિકારીઓને પ્રમાણિકતાનો પાઠ શિખવ્યો અને આજે એ સી બી ટ્રેપમાં એક અધિકારી ઝડપાયો... આર ટી ઓ કચેરીમાં ગઈકાલે વાહનવ્યવ્હાર મંત્રી નવા અધિકારીઓને નિમણુંક પત્ર એનાયત કરવા માટે આવ્યા હતા. આ પ્રસંગે તેમણે સરકારે પારદર્શક અને પ્રમાણિક વહીવટની દીશામાં પ્રયાસ કર્યા હોવાનુ જણાંવી વહીવટીતંત્રમાં ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ થાય તેવુ ધોરણ અપનાવાયુ હોવાની પણ વાત કરી હતી. જયારે વાહનના પસંદગીના નંબરોમાં પણ એજન્ટ કે વચેટીયાની મદદ ન લેવાની ન રહે તેમજ ભ્રષ્ટાચારને અવકાશ ન રહે તે મુજબની નિતી અપનાવાઈ હોવાનુ જણાંવ્યુ હતુ. નવા અધિકારીઓ પ્રમાણિકતાથી સેવક બનીને ફરજ અદા કરે તેવી પણ શીખ આપી હતી. તેમણે તેમ પણ જણાંવ્યુ હતુ કે પૈસા જરૂરી છે. પણ સર્વસ્વ નથી. અરજદારોને ઉપયોગી થઈ આર્શીવાદ મેળવાની ભાવના સાથે આબરૂદાર અધિકારી બનવા માટે પણ વાહનવ્યહાર મંત્રી વલ્લભ કાકડીયાએ આર ટી ઓના અધિકારીઓને શીખ આપી હતી. પરંતુ મંત્રીની વિદાયના ૨૪ કલાકનો સમય પણ થયો નથી ત્યાં આજે આર ટી ઓ કચેરીમાં લાંચ લેતા આશિષ્ટન્ટ ઈન્સ્પેકટર નિતીન વિષ્ણુભાઈ પટેલ આજે એ સી બી ટ્રેપમાં ઝડપાઈ ગયા હતા. આર ટી ઓ કચેરીમાં ભ્રષ્ટાચાર ફુલ્યો ફાલ્યો હોવાનો આક્રોશ અનેકવાર અરજદારો ઠાલવે છે. ત્યારે આજે એ સી બી ની ટ્રેપમાં અધિકારી ઝડપાતા કચેરીમાં સન્નાટો છવાઈ ગયો હતો. એજન્ટ વર્તુળ તેમજ અરજદારોમાં પણ તરેહ તરેહની વાતો સંભળાતી હતી.

GUJARAT COUNCIL ON SCIENCE & TECHNOLOGY
Department of Science and Technology, Govt. of Gujarat
Block - B, 7th floor, M. S. Building, Sector - 11,
Nr. Pathikashram, Gandhinagar, Gujarat 382011
Phone: 079-23259362, Email: info-gujcost@gujarat.gov.in
Website: www.gujcost.gujarat.gov.in

SHORT TENDER NOTICE FOR SUPPLY OF CONFERENCE BAG

GUJCOST is inviting tender from the eligible manufactures / suppliers for supply of Conference Bag (With Multi colour Logo + Text) as prescribed in tender document.

Interested agencies may obtain the tender document from GUJCOST office during working hours or can be downloaded from the GUJCOST website www.gujcost.gujarat.gov.in on a payment of Rs.1000/- by Cash or DD as tender fees from 13/10/2017 to 17/10/2017. The last date of submission of bid is up to 17.00 hours on 17/10/2017 with EMD of Rs. 15000/- in favour of Member Secretary, Gujarat Council on Science and Technology in the form of separate DD Shall reach to above mention address of GUJCOST. GUJCOST reserves the right to accept / reject any or all tenders without assigning any reasons whatsoever.

Date : 13th October, 2017
Advisor & Member Secretary
GUJCOST

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેઝીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com